નારદીપુર સ્વપ્નદર્શી પર્વમાં યોજાયું ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અદ્‌ભૂત સંમેલન

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે સંસ્થા વિકાસના અભિગમને બિરદાવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગ્રામ સેવા મંદિર દ્વારા ત્રિદિવસીય નારદીપુર સ્વપ્નદર્શી પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે આ પર્વના અંતિમ દિવસે રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલના અધ્યક્ષસ્થાને સંસ્થાના ભૂતપૂર્વ વિધાર્થીઓ અને શિક્ષકોનું સંમેલન યોજાયું હતું.

રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે, થોડાક દાયકાઓ અગાઉ ઉત્તર ગુજરાતમાં આંગણીના વેઢે ગણી શકાય તેટલી શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત હતી. જેમાની એક સંસ્થા તરીકે ગ્રામ સેવા મંદિર હતી. ટેકનોલોજીના યુગમાં શિક્ષણની માંગ બદલાઇ રહી છે. તેવા સમયે જ આ સંસ્થામાં વિવિધ અભ્યાસ ક્રમો અને શિક્ષણની માંગ અનુસાર શિક્ષણ આપવા માટે નારદીપુર ગામના લોકો આગળ આવ્યા છે, તે વાત પ્રસંશનીય છે. સંકલન, સંપર્ક અને ગામના વિકાસ માટે ગ્રામજનોને સતત જાગતા રહેવા અને ગામને સ્વચ્છ રાખવાની પણ અપીલ કરી હતી.

સંસ્થાના પ્રમુખ કૃષ્ણકાન્ત જહાએ સ્વપ્રદર્શી પર્વનો હેતુ અને હાર્દ રજુ કરી મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. જ્યારે આભારદર્શન મહામંત્રી નરેન્દ્ર પટેલે સૌનો આભાર માન્યો હતો.

શૈક્ષણિક સંસ્થાઓ ચારિત્ર્ય અને જીવન ઘડતર કરવાનું ઉમદા કામ કરી રહી છે, તેવું કહી કડી સર્વ વિશ્વ વિધાલયના ચેરમેન વલ્લભભાઇ માણેકલાલ પટેલ (સરદાર)એ જણાવ્યું હતું કે વિશ્વમાં કોઇ એવું મંદિર નથી કે જે શિક્ષણની ગરજ સારી શકે છે. શિક્ષણ થકી જ સમાજમાંથી કુરિવાજો દૂર કરી શકાય છે. તેમજ સમાજમાં પરિવર્તન લાવી શકાય છે. કડી સર્વ વિશ્વ વિધાલયને આગામી વર્ષ - ૨૦૨૦માં ૧૦૦ વર્ષ પુર્ણ થશે. આજે ૫૨ હજારથી વધુ બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય અમારી સંસ્થા કરે છે, તેવું ઉમદા કાર્ય ગ્રામ સેવા મંદિર કરે તેવી શુભકામાનાઓ પણ પાઠવી હતી.

એક રૂમમાં સૂતેલા બે વ્યક્તિને એક જ સરખા સ્વપ્ન આવતાં નથી, તેવું જણાવી કવિ, સાહિત્યકાર અને સનદી અધિકારી ભાગ્યેશ જહાએ પોતે નારદીપુર ગામમાં જન્મ થવાનો ગૌરવ વ્યક્ત કરીને બાલ્યવસ્થાના સ્મરણો યાદ કર્યા હતા. તેમણે સંસ્કૃત ભાષાને દાદી, હિન્દ ભાષાને માસી, ગુજરાતી ભાષાને મા સમાન કહી અંગ્રેજી ભાષા મારી પાસે રહેતી એક રૂપાળી સ્ત્રી ગણાવીને માતૃભાષાનું મહત્વ કેટલું છે, તેની દષ્ટાંત પૂર્વકની વાત પોતાની શૈલીમાં રજૂ કરી હતી.

આ પ્રસંગે ન્યુજર્સીના કડવા પાટીદાર ઉમિયાધામના ચેરમેન વિષ્ણુભાઇ પટેલ અને જિલ્લા અગ્રણી ડૉ. પ્રભુદાસભાઇ પટેલે પણ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ અને મહાનુભાવાના હસ્તે શાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સૂચિત નુતન સંકુલના નિર્માણ અંગેની ટેકનીકલ અને ઇજનેરી પ્રસ્તુતિ અમિતભાઇ ગોટેચા, કુમારી કૃપાંશી જહા, વીર શાહ અને ટીમ દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે એન.આર.આઇ. ભરતભાઇ માણેકલાલ પટેલ, ભગવાનભાઇ મંગળદાસ પટેલ, કમલેશભાઇ રસીકભાઇ પટેલ, ગીતાબેન વી. પટેલ સહિત મોટી સંખ્યામાં ભૂતપુર્વ વિધાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

નીલગાય આડી આવી જતા ગ-૦ પાસે ઈનોવાને નડ્યો ગમખ્વાર અકસ્માત : એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૩

ભાવનગરના હીરાના ત્રણ વેપારી મિત્રો ઈનોવા કાર લઈને રાજસ્થાનના અલવર વિસ્તારમાં આવેલી ગૌશાળામાં ગૌ સેવા કરવા માટે ગયા હતા. ગઈકાલે રાત્રે તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે ગાંધીનગરમાં ગ-૦ સર્કલ આગળ તેમને ગમખ્વાર અકસ્માત નડયો હતો. મોડી રાત્રે રસ્તા વચ્ચે અચાનક નીલગાય આવી જતા ઈનોવા ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ઈનોવા કાર સાઈડમાં રસ્તાની નીચે ઉતરી ગઈ હતી અને ઝાડ સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારનો ખૂડદો બોલી ગયો હતો. કારચાલકની બાજુમાં બેઠેલા મિત્રને ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજ્યું હતું જ્યારે અન્ય બે મિત્રોને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. ઈન્ફોસિટી પોલીસે આ ઘટના અંગે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના હીરાના વેપારી મિત્રો પોતાની ઈનોવા કાર નંબર જીજે ૪ બીઈ ૯૮૭૬ લઈને રાજસ્થાન અલવર ખાતે આવેલી શિવયોગી ગૌશાળામાં ગૌ સેવા કરવા માટે ગયા હતા. ગઈકાલે ભાવનગરના આ ત્રણેય વેપારી મિત્રો સંજયભાઈ લઘુભાઈ બગથરીયા, જીગ્નેશભાઈ જયંતીભાઈ ઝિંઝુવાડીયા અને અશ્વિનભાઈ રમણીકભાઈ પટેલ પરત ભાવનગર જઈ રહ્યા હતા ત્યારે મોડી રાત્રે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. તેમને ગાંધીનગર શહેરના ગ-૦ થી સરગાસણ ચોકડી તરફ જવાના રસ્તા પર ગમખ્વાર અકસ્માત નડયો હતો. ગ-૦ સર્કલ થી થોડે આગળ તેમની ઈનોવા ગાડી પહોંચી ત્યાં અચાનક રસ્તાની નીલ ગાય આવી જતાં કારચાલક અશ્વિનભાઈ પટેલે સ્ટીયરીંગ ફેરવી દીધું હતું. અચાનક ઈનોવા કાર નું સ્ટેરીંગ ફેરવી રસ્તાની સાઈડમાં કરી દેવાતા ઈનોવા કાર રસ્તા નીચે ઉતરી ગઈ હતી અને બાજુમાં લીમડાના ઝાડ સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ઈનોવા કારનો ખુરદો બોલી ગયો હતો. કાર ચલાવી રહેલા અશ્વિનભાઈની બાજુમાં બેઠેલા જીગ્નેશભાઈ ઝિંઝુવાડીયાને આ અકસ્માતમાં માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં બનાવ સ્થળ પર જ તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ કાર ચાલક અશ્વિનભાઈને હાથ અને ખભાના ભાગે ઈજાઓ થવા પામી હતી. જ્યારે પાછળ બેઠેલા સંજયભાઈ બગથરીયાને આ અકસ્માતમાં પગે સાથળના ભાગે ફ્રેક્ચર થઈ જવા પામ્યું છે. ઘટનાની જાણ પોલીસને થતાં ઈન્ફોસિટી પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘાયલ વેપારીની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ આરંભી છે.

સિવિલમાં સ્વાઈન ફલુનો દર્દી નોંધાયો

સિવિલમાં આઈસોલેશન વોર્ડ ફરી શરુ કરાયો, વોર્ડમાં ૨૦ વર્ષિય સસ્પેકટેડ દર્દી પણ સારવાર હેઠળ

ગાંધીનગર,તા.૨૩

શહેરમાં સતત ઠંડીને પગલે નિષ્ક્રીય થયેલા સ્વાઈન ફલુ એચવન એનવન ના વાઈરસ ફરી સતર્ક થયા હોય તેમ લાગી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફલુના કેસ પોઝીટીવ આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં પણ એક સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દીની સારવાર ચાલી રહી છે. મહેસાણા જિલ્લાના ૬૦ વર્ષિય વૃધ્ધનો રીપોર્ટ પોઝીટીવ આવતા સિવિલ તંત્ર દ્વારા તાત્કાલીક સ્વાઈન ફલુ માટેનો આઈસોલેશન વોર્ડ ખોલવો પડ્યો છે. જયારે કલોલની ૨૦ વર્ષીય યુવતિમાં શંકાસ્પદ સ્વાઈન ફુલના લક્ષણો દેખાતા તેણીને પણ દાખલ કરીને સઘન સારવાર આપવામાં આવી રહી છે.

શિયાળાની રૂતુમાં ઠંડીની શરુઆત થતા જ ભારત દેશના ઘણા રાજયોમાં સ્વાઈન ફલુના કેસો જોવા મળે છે. ગુજરાતમાં પણ સ્વાઈન ફલુના કેસો વિવિધ શહેરોમાં અને જિલ્લામાં નોંધાયા હતા. વર્ષ ૨૦૦૯ માં સ્વાઈન ફુલનો રોગચાળો સમગ્ર વિશ્વમાં ફેલાયો હતો. ગુજરાતમાં જુલાઈ ૨૦૦૯માં સ્વાઈન ફલુનો પ્રથમ કેસ નોંધાયો હતો ત્યારબાદ આ કેસમાં વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ આ રોગના દર્દીઓ ઘટતા ગયા છે. ત્યારે તાજેતરમાં પણ આ ગુજરાતમાં સ્વાઈન ફલુના દર્દીઓ નોંધાયા હતા. પરંતુ થોડાક સમયમાં સ્વાઈન ફલુના વાયરસ નિષ્ક્રીય થઈ ગયા હતા. શહેરની સિવિલમાં પણ આઈસોલેશન વોર્ડ ઉભો કરાયો હતો. ડોકટર્સની ખાસ ટીમ દ્વારા સ્વાઈન ફલુના દર્દીઓને સઘન સારવાર આપવામાં આવતા દર્દીઓ સ્વસ્થ બનીને ઘરે ગયા હતા. આરોગ્ય વિભાગની ટીમે પણ સ્વાઈન ફલુને નાથવા માટે કમરકસી હતી. ત્યારબાદ સ્વાઈન ફલુના દર્દીઓમાં ઘટાડો નોંધાતા વોર્ડ બંધ કરી દેવાયો હતો. ત્યારે સ્વાઈન ફલુના નિષ્ક્રીય થયેલા વાઈરસ ફરી પાછા સક્રીય થયા હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલમાં મહેસાણાના ૬૦ વર્ષિય વૃધ્ધનો સ્વાઈન ફલુ રીપોર્ટ પોઝીટીવ આવતા સ્વાઈનફલુ વોર્ડમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે. જયારે કલોલની ૨૦ વર્ષિય યુવતિમાં પણ સ્વાઈન ફલુના શંકાસ્પદ લક્ષણો જણાતા તેણીને પણ એડમીટ કરીને સારવાર આપવામાં આવી રહી છે. જેથી ગાંધીનગર સિવિલમાં બંધ કરવામાં આવેલો સ્વાઈન ફલુ વોર્ડ ખોલવામાં આવ્યો છે. જયારે સ્વાઈન ફલુના દર્દી નોંધાતા આરોગ્ય વિભાગ પણ ચિંતિત જણાઈ કામગીરીમાં વ્યસ્ત બન્યું છે.

ચિલોડા સર્કલ પાસેથી દારૂની બોટલનો થેલો લઈને ઉભેલો ખેપિયો પકડાયો

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા પી.આઈ યુવરાજસિંહ વાઘેલાની ટીમ આજે સવારે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચિલોડા સર્કલ થી થોડે આગળ એક યુવાન થેલો લઈને શંકાસ્પદ હાલતમાં ઉભેલો જોવા મળ્યો હતો. ચિલોડા પોલીસની ટીમે આ યુવાન પર શંકા જતા તેની પાસે જઈને તેના થેલાની તપાસણી કરી હતી. થેલામાંથી ૨૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેના આધારે આ યુવાનને પકડીને તેની પૂછપરછ કરતા રાજસ્થાનના ઉદેપુર પાસે આવેલા એક ઠેકા પરથી દારૂ લાવ્યો હોવાની કેફીયત આપી રહ્યો હતો અને આ યુવાન ગાંધીનગરમાં રહેતો હોવાની વિગત બહાર આવી હતી. ગાંધીનગર શહેરના સેક્ટર ૩૦ ખાતે આયુર્વેદિક દવાખાના પાસે બ્લોક નંબર ૪૦૧ માં રહેતા આ ૨૩ વર્ષિય ખેપિયા ભૂષણ હરેશ માખેસણા ની ધરપકડ કરીને તેની પાસેથી ૨૪ બોટલ તથા એક મોબાઈલ મળી કુલ રૂ.૧૪,૬૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી દારૂની બોટલ ક્યાં લઈ જઈ રહ્યો હતો તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

યુરોપના લોકો નદી ઓળંગતા પણ ડરતા હતા તે સમયથી ગુજરાતી સાહસિકો દરિયો ખેડી રહ્યાં છે

જસદણના 'વિજય'નો જશ રૂપાણીને, ભાજપના સંગઠનના નેતાઓને ગિફ્ટ મળશે

ભારતના ૧૭૧ બંદરો પૈકી ગુજરાતના ૪૨ બંદરો એ ગુજરાતની વિરાસત છે. કેટલાક બંદરો લુપ્ત થયા છે અને કેટલાક નવા શોધી કાઢવામાં આવ્યા છે. ગુજરાતના પૌરાણિક બંદરો પરથી ભૂતકાળમાં થયેલા વેપારની ઓળખ ભાગવત અને મહાભારતના સમય જેટલી પુરાણી છે. એક સમયે સુરત એ દેશનું અતિ મહત્વનું બંદર ગણાતું હતું. સુરત બંદરે ૮૪ દેશોના વહાણો લાંગરેલા જોવા મળતા હતા અને એટલે જ સુરત આજુબાજુના વિસ્તારને ચોર્યાસી તરીકે ઓળખવામાં આવે છે. સુરત ઉપરાંત માંડવી બંદરે પણ આટલા જ વહાણો લાંગરતા હતા. કહેવાય છે કે યુરોપના લોકો નદી ઓળંગતા ડરતા હતા તે સમયથી ગુજરાતીઓ દરિયો ખેડે છે. ઈતિહાસકારોના મતે દુનિયાનું પહેલું સમુદ્રી બંદર ઈ.સ. પૂર્વે ૨૩૦૦ની આસપાસ ગુજરાતના દરિયાકિનારે લોથલ ખાતે બાંધવામાં આવ્યું હતું. આ લોથલ સુનિયોજીત નગરના અવશેષો નિષ્ણાંતોને આંજી નાંખે તેવા છે. ડો. એસ.આર.રાવે ૧૯૫૪માં આ બંદર શોધ્યું હતું ત્યારપછી ૧૯૫૫ થી ૧૯૬૦ દરમ્યાન થયેલા ઉત્ખનનનાં અંતે પ્રાચીનયુગના સુવિકસિત નગર લોથલની શોધ થઈ હતી. એક યુગમાં ખંભાત બંદર હતું તે સહુ કોઈ જાણે છે, પરંતુ બનાસકાંઠાનું થરાદ પણ એક જમાનામાં બંદર હતુ, તેની કોઈને જાણ નથી. લોથલની બંદરીય વિરાસત અને મુંબઈ બંદરની નગર વસાહત રચના એ ગુજરાતની ખોજ છે. ગુજરાતનો આ એક રોમાંચક ઈતિહાસ છે.

દેશમાં ગોવાના લોકો વધારે સમૃદ્ધ છે...

ભારતમાં પર કેપિટા ઈન્કમમાં ગોવા નંબર વન સ્ટેટ છે. આ રાજ્યમાં પ્રત્યેક વ્યક્તિની માથાદીઠ આવક ૩૭૫૫૫૪ રૂપિયા છે. બીજાક્રમે ૩૨૯૦૯૩ રૂપિયા સાથે દિલ્હી અને ત્રીજાસ્થાને ૨૯૭૭૬૫ રૂપિયા સાથે સિક્કીમ આવે છે. પર કેપિટા ઈન્કમમાં ગુજરાતનો ક્રમ સમગ્ર દેશમાં ૧૪મો આવે છે. ચોથાક્રમે ૨૪૨૩૮૬ રૂપિયા સાથે ચંદીગઢ અને પાંચમાક્રમે ૧૯૮૧૫૬ રૂપિયા સાથે પોંડીચેરી આવે છે. આ રાજ્યોની માથાદીઠ આવક વધારે હોવાનું કારણ તેની ઓછી વસતી છે. મોટા રાજ્યોમાં મહારાષ્ટ્રની પર કેપિટા ઈન્કમ ૧૮૦૫૯૬ રૂપિયા છે જ્યારે કર્ણાટકની ૧૭૪૫૫૧ અને તામિલનાડુની ૧૬૬૯૩૪ રૂપિયા છે. ગુજરાતની આગળ આ સિવાયના રાજ્યો હરિયાણા, ઉત્તરાખંડ, તેલંગાણા, કેરાલા અને હિમાચલ પ્રદેશ આવે છે. ગુજરાતની પર કેપિટા ઈન્કમ ૧૯૧૬-૧૭ના વર્ષમાં ૧૫૬૫૨૭ રૂપિયા છે. ભારતની પર કેપિટા ઈન્કમ જોઈએ તો તે ૧૨૬૩૪૯ રૂપિયા છે જે ગુજરાત કરતાં ઓછી છે એટલે કે ગુજરાત એવું ગૌરવ લઈ શકે છે કે ભારતની પર કેપિટા ઈન્કમ કરતાં ગુજરાતની પર કેપિટા ઈન્કમ વધારે છે.

ગાંધીનગરમાં પ્રાઇમ લોકેશન બદલાયું છે...

ગાંધીનગરનું મહાત્મા મંદિર એ શહેરનું પ્રાઈમ લોકેશન બની રહ્યું છે. આ મંદિરની નજીક રેલ્વેસ્ટેશનને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવામાં આવી રહ્યું છે. એ સાથે રેલ્વેટ્રેક પર બિલીપત્ર આકારની ૩૦૦ રૂમ ધરાવતી ફાઈવસ્ટાર હોટલ બનાવવામાં આવી રહી છે. એટલું જ નહીં રેલ્વે મંત્રાલયે છ સ્ક્રીન ધરાવતા મલ્ટીપ્લેક્સ અને શોપિંગ સેન્ટરની પણ મંજૂરી મેળવી છે. અત્યાર સુધી શહેરનું સેક્ટર-૨૧ પ્રાઈમ લોકેશન હતું પરંતુ હવે મહાત્મા મંદિરનો વિસ્તાર, સેક્ટર-૧૫ પ્રાઈમ બની ગયો છે. આ વિસ્તારમાં જમીન તો નથી પરંતુ રાહત દરના મકાનોના ભાવ આસમાને પહોંચી ગયા છે. મહાત્મા મંદિર પહેલાં આ વિસ્તાર પછાત હતો. ઝૂંપડપટ્ટીનું સામ્રાજ્ય હતું. જૂના ખખડધડ રેલ્વેસ્ટેશનમાં પાંચ દસ પ્રવાસીઓ આવતા હતા. આજે આ વિસ્તાર ટુરિસ્ટ ડેસ્ટીનેશન બન્યું છે. ૯૦ મીટરના રાહતદરના મકાનો જે મહાત્મા મંદિર પહેલાં ૧૦ લાખમાં વેચાતા હતા તેની કિંમત હવે એક કરોડ ઉપર પહોંચી ચૂકી છે. અહીં વસવાટ કરનારને ટુરિસ્ટ ડેસ્ટીનેશન ઉપરાંત મંદિર થી વિધાનસભા સુધીની વિસ્ટાનો વિશેષ લાભ મળે છે.

જાતિવાદ ભગવાનને પણ છોડતો નથી, હનુમાનજીની જાતિ ભાજપ નક્કી કરે છે

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

નિવૃત્ત થતાં રાજગોપાલને પ્રમોશનની શક્યતા...

ગુજરાત સરકારના ચાર આઈએએસ અધિકારીઓને પ્રમોશન મળવાની સંભાવના છે. ૧૯૮૭ બેચના આ સિનિયર અધિકારીઓને પ્રિન્સિપલ સેક્રેટરી થી એડિશનલ ચીફ સેક્રેટરી રેન્કનું પ્રમોશન આપવાનું થાય છે. આ બેચના અધિકારીઓમાં રાજગોપાલ ગુજરાત સરકારમાં ફરજ બજાવે છે જ્યારે રાજકુમાર, આર.પી.ગુપ્તા અને એલ ચુઆંગો સેન્ટ્રલ ડેપ્યુટેશન પર છે. રાજગોપાલ જાન્યુઆરીમાં નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે તેમને આ ગિફ્ટ મળી શકે છે. બીજી તરફ ૨૦૦૩ બેચના ગુજરાત કેડરના ઓફિસરો રૂપવંતસિંઘ, સંધ્યા ભુલ્લર, પી. સ્વરૂપ, પ્રવિણ સોલંકી, અવંતિકા સિંઘ, એસએલ અમરાણી, એમએસ પટેલ અને લલિત પાડલિયાને પણ પ્રમોશન મળી શકે છે. આ ઓફિસરોમાં લલીત પાડલિયા આગામી ઓક્ટોબર મહિનામાં વયનિવૃત્ત થઈ રહ્યાં છે. વાયબ્રન્ટ સમિટ પહેલાં આ પ્રમોશન આપવામાં આવી શકે છે.

જસદણનો 'જશ' રૂપાણીને, હવે 'ગિફ્ટ' આપશે...

ગાંધીનગરનું પ્રાઇમ લોકેશન બદલાયું, મિલકતના ભાવ આસમાને પહોંચ્યા છે

જસદણ બેઠકની પેટા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ભાજપના કુંવરજી બાવળિયાનો ૨૦ હજાર મતે વિજય થયો છે. આ 'વિજય'નો 'જશ' મુખ્યમંત્રી રૂપાણીને મળ્યો છે. હવે તેઓ પાર્ટીના નેતાઓને ગિફ્ટમાં બોર્ડ-કોર્પોરેશન આપી શકે છે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારના જાહેર સાહસોમાં રાજકીય નિયુક્તિ કરવા માટે અત્યાર સુધીમાં બે વખત- એક દિવાળી પહેલાં અને એક લાભપાંચમ પછી પ્રયાસ થયા છે. કહેવાય છે કે પાર્ટીના હાઈકમાન્ડે જસદણની ચૂંટણી સુધી આ નિયુક્તિને રોકી રાખી હતી પરંતુ હવે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ પહેલાં સરકાર પાર્ટીના ધારાસભ્યો અને અગ્રણી નેતાઓને ખુશ કરશે તેવું લાગી રહ્યું છે. લોકસભાની ચૂંટણી આવતી હોવાથી પાર્ટીના સંગઠનને કામ કરતું કરવા માટે આ નિયુક્તિ કરવાની સરકારને ફરજ પડી છે. સરકાર ૧૨ થી ૧૫ બોર્ડ-કોર્પોરેશન અને શહેરી સત્તાવિકાસ મંડળોમાં ચેરમેન તેમજ ડિરેક્ટરોની નિમણૂક કરશે તેવી શક્યતા જોવામાં આવે છે. જસદણમાં કુંવરજી બાવળિયાનો નહીં રૂપાણીનો 'વિજય' થયો છે.

નેતાઓ બિમાર પડે તે ચાલી ન શકે...

ગુજરાત સરકારના નેતાઓ બિમાર પડી રહ્યાં છે. રાજ્ય સરકારમાં પહેલાં ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કેન્સરનું ઓપરેશન કરાવ્યું છે. તેમના પછી નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે પગના ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું છે. હવે પાર્ટીના પ્રવક્તા ભરત પંડ્યા બિમાર પડ્યા છે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની તબિયત સુગર પ્રોબ્લેમ હોવાથી નરમ-ગરમ રહે છે. ઉર્જા મંત્રી સૌરભ પટેલ ઓપરેશન પછી પહેલા જેવું તેજીલું કામ કરી શકતા નથી. પરસોત્તમ સોલંકી ક્યારેક ઓફિસમાં આવે છે. રૂપાણી સરકારના અન્ય સભ્યોમાં આર.સી.ફળદુ, કૌશિક પટેલ, ગણપત વસાવા, જયેશ રાદડિયા, ઈશ્વર પટેલ અને વિભાવરી દવેમાં તરવરાટ દેખાય છે અને શારિરીક ફીટ છે. નેતાઓ તો તંદુરસ્ત હોવા જોઈએ કારણ કે તેઓ ૧૫ થી ૧૮ કલાક સુધી કામ કરે છે કેશુભાઈ પટેલ અને નરેન્દ્ર મોદીની સરકારમાં આખી કેબિનેટ એક્ટિવ જોવા મળતી હતી. એ કેબિનેટ જેવો ઉત્સાહ હાલની કેબિનેટમાં જોવા મળતો નથી. આ સભ્યો ઓછો ખોરાક અને કસરત કરીને તેમની ફીટનેસ સુધારવાના પ્રયાસો કરી રહ્યાં છે તે સારી બાબત છે.

હનુમાનજી કોણ હતા-- માત્ર ભાજપ જાણે છે...

રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મિકી આજે જો હયાત હોત તો હનુમાનજીની જ્ઞાતિ અને ધર્મની જે સિરીઝ ભાજપના નેતાઓએ ચલાવી છે તે જાણીને તેમને દુખ થયું હોત. ગુજરાતના કથાકાર મોરારી બાપુએ તો ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સામે આકરા પ્રહારો કર્યા હતા જ્યારે તેમણે હનુમાનજીને રાજસ્થાનના ચૂંટણી પ્રચાર દરમ્યાન દલિત કહ્યા હતા. આ સિલસિલો અટકતો નથી અને ભાજપ તમાશો જુએ છે. ઉત્તરપ્રદેશના મંત્રી લક્ષ્મીનારાયણે કહ્યું હતું કે હનુમાનજી જાટ હતા. ભાજપના નંદકુમારે આદિવાસી કહ્યા હતા તો બાબા રામદેવ હનુમાનજીને ક્ષત્રિય ગણે છે. ભાજપના બળવાખોર નેતા કિર્તી આઝાદે હનુમાનજીને ચીનના હોવાનું કહ્યું હતું તો ભાજપના ધારાસભ્ય બુક્કલ નવાબે મુસ્લિમ કહ્યા હતા. ભાજપના સાંસદ ઉદિત રાજ કહે છે કે વિજ્ઞાનનું માનીએ તો હનુમાનજી છે જ નહીં. હદ થાય છે હવે તો-- ભાજપના નેતાઓએ ભાંગ પીધી લાગે છે. જે ભગવાને ઈન્સાનને બનાવ્યા છે તે ઈન્સાન ભગવાનની જાતિ અને ધર્મ નક્કી કરે છે. વાહ, મેરા ભારત મહાન હૈ...